ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૮ ડીગ્રી
લઘુતમ : ૧૧.૪ ડીગ્રી
ભેજ
સવારે ૪૪ ટકા ● સાંજે ૨૬ ટકા

# પોલીસ ભવનના અધિકારીની ઓળખ આપી વેપારી સાથે ૨૩ લાખની છેતરપિંડી

ગાંધીનગર, તા.૧

પોલીસ ભવનમાં પોતે આઈપીએસ સંગઠનના પ્રિન્સીપલ ડાયરેકટર હોવાનું કહીને સેકટર-૬માં પતંજલિ સ્ટોરના માલિક સાથે ઘરોબો કેળવી લોન અપાવવાના બહાને વેપારીને રૂ.૨૩ લાખનો ચુનો લગાવી દીધો હોવાનું ધ્યાને આવ્યું છે. વેપારીએ આ મામલે સે-૭ પોલીસ મથકમાં ફરીયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

સે-૭ પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સેકટર-૧૪ ખાતે રહેતા અને સે-૬માં પતંજલિ ચિકિત્સાલય અને પ્રોડકટના નામની દુકાન ધરાવતા જય મુકેશ પ્રજાપતિની સાથે છેતરપિંડી થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. જય પ્રજાપતિએ નોંધાવેલી ફરીયાદ મુજબ એકાદ વર્ષ પહેલા તેમની દુકાને યોગીરાજસિંહ બહાદુરસિંહ ચુડાસમા નામનો શખ્સ આવ્યો હતો. સે-૧ પ્લોટ નં. ૪૬૪ માં રહેતો યોગીરાજની આ દુકાને ત્યારબાદ અવર જવર વધી ગઈ હતી અને પોતે પોલીસ ભવનમાં અધિકારી હોવાનું કહેતો હતો. પોલીસ ભવનમાં ચાલતા આઈપીએસ સંગઠનમાં પોતે પ્રિન્સીપલ ડાયરેકટર હોવાની ઓળખ આપી વેપારી સાથે ઘરોબો કેળવીને આઈપીએસ સંગઠનના સભ્યોને જરુર પડે ત્યારે નાણા ધીરવાનું કામ તે કરતો હતો. ઓછા વ્યાજે લોન અપાવવાનું કહીને જય પ્રજાપતિને વિશ્વાસમાં લીધા બાદ જય પ્રજાપતિએ પોતાના વ્યવસાયના વિકાસ માટે રૂ.૫૦ લાખ લોન લેવાની વાત કરી હતી. યોગીરાજે પહેલા સંગઠનમાં રૂ.૨૫ લાખ ડીપોઝીટ કરવાની વાત કરી હતી. જેને પગલે જુદા-જુદા ત્રણ ચેકથી રૂ.૨૩ લાખ યોગીરાજને જય એ આપ્યા હતા. યોગીરાજે વિશ્વાસ અપાવ્યો હતો કે એક મહિનામાં ૫૦ લાખ મળી જશે અને ૨૩ લાખ મજરે કાપીને ૨૭ લાખનું એક ટકા વ્યાજ જ થશે. યોગીરાજે આપેલા વાયદા મુજબ જયને રૂપીયા મળ્યા નહી અને ઉઘરાણી શરુ કરતા ગલ્લા તલ્લા કરીને યોગીરાજે ફોન બંધ કરી દીધા હતા. આ મામલે પોતે છેતરાયો હોવાનો અહેસાસ થયા બાદ જયે સે-૭ પોસીસે મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ આદરી છે.

# પેથાપુર પાસેથી કતલખાને લઈ જવાતા ત્રણ બળદ એલસીબી પોલીસે પકડી પાડ્યા



ગાંધીનગર,તા.૧

ગાંધીનગર એલસીબીની ટીમ પેથાપુર પાસે રાત્રીના સમયે પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન મહુડી તરફથી એક જીજે.૧.એફ.ટી.-૧૨૬૫ નંબરનું પીકઅપ ડાલુ આવતુ હતું. પોલીસની ગાડી જોઈને પીકઅપ ડાલાના ચાલકે ડાલાની સ્પીડમાં વધારો કરી દીધો હતો જેથી એલસીબી પોલીસે તે ડાલાનો પીછો કર્યો હતો. જેને પગલે આગળ જતા પેથાપુર ચોકડી એપ્રોચ માર્ગની બાજુમાં ડાલુ મુકીને તેનો ચાલક અંધારાનો લાભ લઈ ભાગી ગયો હતો.એલસીબી પોલીસે ડાલામાં ચેક કરતા મીણીયાના કોથળામાં વેસ્ટ થર્મોકોલના કોથળા નીચે ત્રણ જીવતા મોટા બળદ મળી આવ્યા હતા. નાના ડાલમાં હલનચલન પણ ન કરી શકે તે રીતે આ મોટા બળદ ભર્યા હતા. જેને પગલે એલસીબી ત્રણ બળદ અને પીકઅપ ડાલુ મળી કુલ રૂ.૪.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈને તેના નંબરના આધારે ચાલક વિરુધ્ધ પેથાપુર પોલીસ મથકે ગુનો દાખલ કર્યો છે.



# કડવા પાટીદાર સમાજ દ્વારા સન્માન સમારોહ યોજાયો

## સમારોહમાં ૭૦ તેજસ્વી તારલાઓ અને વિશ્વ ઉમિયા રથના ૩૦૦ સેવક કાર્યકરોનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૧

કડવા પાટીદાર સમાજ દ્વારા ઉમિયા માતાજી સંસ્થાન ખાતે વડીલ વંદના, નવા દાતાઓ, ટ્રસ્ટીઓ, જીવનસાથી પસંદગી કેન્દ્રના નવદંપતિ, ૭૦ તેજસ્વી તારલાઓ અને વિશ્વ ઉમિયા રથના ૩૦૦ સેવક કાર્યકરોનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

કડવા પાટીદાર સમાજ દ્વારા વીર શહીદોને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત મહામંત્રી ભોળાભાઈ પટેલ દ્વારા વીર શહીદોના પરિવારોને મદદરૂપ થવા આપત્તિ સહાય ફંડ એકત્રિત કરવા અનુરોધ કરાયો હતો. વડીલ વંદના કાર્યક્રમમાં ૭૫ વર્ષીય તમામ ટ્રસ્ટીઓનું શાલ મોમેન્ટોથી ભાવભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. નવા બનેલ ટ્રસ્ટીઓ અને દાતાઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પાટીદાર જીવનસાથી પસંદગી કેન્દ્ર દ્વારા લગ્નગ્રંથીથી જોડાયેલ યુગલોને મુખ્યદાતા બળદેવભાઈ પટેલ દ્વારા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સમાજના ૬૦ તેજસ્વી તારલાઓ અને જીએસપીસી તથા ગૌણસેવાની પરીક્ષા પાસ કરેલ ઉમેદવારોને ચાંદીની મુદ્રા અને શુભેચ્છા પ્રમાણપત્ર શિક્ષણદાતાઓ અને મહેમાનો દ્વારા એનાયત કરવામાં આવ્યા હતા. વિશ્વ ઉમિયા દિવ્યરથના ગાંધીનગરના વિસ્તારમાં થયેલ પરિભ્રમણમાં અદમ્ય સફળતા અપાવવા બદલ સમાજ દ્વારા આગેવાનોને સેવા સન્માનપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. અનિલભાઈ પટેલ, ચેરમેન શિવાભાઈ, સહમંત્રી દિલીપભાઈ, મહેન્દ્રભાઈ, કન્વીનર કે.કે. પટેલ, ટેમ્પલ ચેરમેન વિષ્ણુભાઈ બાપજી, ખજાનચી ગણેશભાઈ, ઉપપ્રમુખ મનુભાઈ અને ડાયાભાઈ વછાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

# સે-૨૨માં આવતીકાલે શિશુનગરીનું ઉદઘાટન

ગાંધીનગર, તા.૧

વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર સંચાલિત સરસ્વતી શિશુવાટિકા અને પ્રાથમિક વિદ્યાલય દ્વારા શિશુ શિક્ષણના ભારતીય પધ્ધતિઓના આવનાર વિકલ્પો અને બાળકોને મુકતમને મનગમતી પ્રવૃત્તિઓ કરવાની મોકળાશ મળે તે હેતુથી 'શિશુનગરી'નું આયોજન તા. ૩ માર્ચના રોજ સવારે ૧૦.૩૦ કલાકે વિદ્યાભારતી, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર સે-૨૨ ખાતે કરવામાં આવ્યું છે. કાર્યક્રમનું ઉદઘાટન ગાંધીનગરના ઘોષિત મેયર રીટાબેન પટેલ હસ્તક કરવામાં આવશે. સાથે સાથે સૌરાષ્ટ્ર વિશ્વ વિદ્યાલયના કુલપતિ નીતિનભાઈ પેથાણી હાજર રહેશે તેમ અધ્યક્ષ મફતભાઈ વાઘેલા અને સંયોજક શર્મિષ્ઠાબેન કુચારા દ્વારા જણાવાયું છે.

# સરકારી ઈજનેરી કોલેજ ખાતે ઓપન હાઉસ પ્રોજેકટ ફેર



ગાંધીનગર, તા.૧

સરકારી ઈજનેરી કોલેજ ગાંધીનગર ખાતે ઓપન હાઉસ પ્રોજેક્ટ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ઈ.સી., આઈ.સી., કોમ્પ્યુટર, બાયોમેડીકલ તથા મેટલર્જી ઈજનેરી શાખાના આશરે ૨૦૦ જેટલા પ્રોજેકટસ ઈજનેરી કોલેજના છેલ્લા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. આ પ્રોજેકટને એક્સપર્ટ કમિટી કે જેમાં વિવિધ કંપનીઓ/ઉદ્યોગો અને યુનીવર્સીટીના નિષ્ણાતો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યા હતા. આ પ્રોજેકટમાંથી કેટલાક સારા અને ગુણવત્તા ધરાવતા પ્રોજેકટને સરકાર ની SSIP સ્કીમ અંતર્ગત આર્થિક સહાય અને પેટન્ટ માટે પણ મદદ કરવામાં આવશે.

સરકારની સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલીસી હેઠળ સારા ઈનોવેટીવ પ્રોજેક્ટ્સને આર્થિક સહાય કરવામાં આવશે અને વિદ્યાર્થીઓને તેમના પ્રોજેક્ટ્સને એક પ્રોડક્ટ બનાવી ને તેનો બિઝનેસ શરુ કરવા સુધીની સહાય આપવામાં આવશે. હાલમાં પણ ઘણા પ્રોજેક્ટ્સને સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલીસી ( SSIP) હેઠળ આર્થીક સહાય આપવામાં આવી રહી છે. ઈનોવેટીવ પ્રોજેક્ટ્સને પેટન્ટ ફાઈલ કરવા માટે પણ મદદ અને માર્ગદર્શન મળી શકશે. GTU ની ઈજનેરી વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ મૂલ્યાંકન અંગે ની સુચના મુજબ પણ આ પ્રોજેક્ટ ફેર ખુબ જ અગત્યનો છે અને ઈજનેરી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ્સનું સચોટ મૂલ્યાંકન થાય તે હેતુથી પણ આ એક અગત્યની પહેલ છે.

# ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશનની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧

ડેમોક્રેટીક પીપલ્સ એસોસીએશન દ્વારા યોજાયેલ કારોબારી સમિતિની બેઠકમાં અનુસૂચિત જાતિ અને જનજાતિની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ તેમજ અન્ય સહાય માટે વાલીની વાર્ષિક આવક મર્યાદા બે લાખ પચાસ હજારથી દસ લાખ કરવા ભારત સરકારને રજુઆત કરવામાં આવેલ છે.

# ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ દ્વારા બાવીસમો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા બાવીસમા સમૂહ લગ્નોત્સવનુ આયોજન તા. ૩ માર્ચના રોજ સવારે ૭ કલાકથી વાવોલ ખાતે કરવામાં આવ્યું છે. આ લગ્નોત્સવમાં ૩૨ નવદંપતિ પ્રભુતામાં પગલા માંડશે.

વાવોલ રાજપુત સમાજ દરેક સમાજ સાથે રહી કામગીરી કરે છે ત્યારે ૩ માર્ચના રોજ ૨૨મો સમૂહલગ્ન સમારંભ સમાજ દ્વારા યોજાશે. જેમાં સમાજના ૩૨ નવદંપતિઓ લગ્નગ્રંથિથી જોડાશે તેવું વિક્રમસિંહ ગોલ દ્વારા જણાવાયું હતું. આ ઉપરાંત સમાજની યોજાયેલ બેઠકમાં કુબેરસિંહ હોલ, અમરસિંહ ગોલ, દેવેન્દ્રસિંહ ગોલ, વિનોદ રાઠોડ, કચરાજી ગોલ તથા રાજપૂત સમાજના ૨૦૦ ઉપરાંત યુવાનોએ સ્વયં સમૂહ લગ્નોત્સવની વ્યવસ્થામાં ભાગ લેવા આગળ હાથ ધપાવ્યા હતા. સમાજ દ્વારા યોજાયેલ પ્રસંગમાં જિલ્લાના રાજપૂત સમાજના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ભાગ લઈ નવદંપતિનો આશીર્વાદ આપશે તેમ વિક્રમસિંહ ગોલ દ્વારા જણાવાયું હતું.

# મહાશિવરાત્રિએ જલારામ ધામમાં શિવ પૂજન

ગાંધીનગર, તા.૧

જલારામ ધામ સેકટર-૨૯ ખાતે તા. ૪થી માર્ચ સોમવાર મહાવદ-૧૩ મહાશિવરાત્રીના પૂનિત અવસરે ભગવાન શ્રી રામેશ્વર મહાદેવની નિશ્રામાં પૂજન અને આરતીનો કાર્યક્રમ યોજાશે.

આ અંતર્ગત સવારે ૭.૦૦ કલાકે મૂર્તિ દાતા જે.ટી. અખાણીના હસ્તે શિવ પૂજનનો આરંભ કરવામાં આવશે. સવારે ૭ થી સાંજના ૫ કલાક સુધી શિવ મંદિરે બિલીપત્રનો અભિષેક થશે. ધ્વજાની શોભાયાત્રા સવારે ૧૦.૩૦ કલાકે બીપીનભાઈ ભીખાભાઈ ઠકકર સે-૪-સી પ્લોટ નં. ૬૪૬/૨ના નિવાસસ્થાનેથી નીકળી જલારામ મંદિર પહોંચશે અને ધ્વજા રોહણ તથા મહાઆરતી બપોરે ૧૨ કલાકે યોજાશે. જલારામ સેવા સમાજના તમા સભ્યો તથા ધર્મપ્રેમી જનતાને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પ્રમુખ સેવંતીલાલ ઠકકર દ્વારા જણાવાયું છે.

# સિ.સિ.કા. દ્વારા સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા.૧

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી ખાતે 'સંગીત સંધ્યા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ફ્રેન્ડસ સીંગીંગ કલબના ગાયક કલાકારો દ્વારા દેશભકિતના ગીત સાથે જૂના ફિલ્મોના ગીતો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

ફેબ્રુઆરી માસની માસિક સભાની પૂર્ણાહુતિ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી ખાતે યોજાયેલ કાર્યક્રમની શરૂઆત દેશભકિત ગીત એ મેરે વતન કે લોકોથી કરવામાં આવી હતી અને ત્યારબાદ જૂની યાદગાર ફિલ્મોના સદાબહાર ગીતોની કલાકારો દ્વારા પ્રસ્તુતિ કરવામાં આઆવી હતી. કાર્યક્રમ ફ્રેન્ડસ સીંગીંગ કલબના ગાયક કલાકારો નવીનભાઈ રવેશિયા, સતીષભાઈ દિક્ષિત, સોનલબેન ગજ્જર તેમજ નીનાબેન શાહ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન હસમુખભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતુ અને અંતમાં હરેશભાઈ ભટ્ટ દ્વારા સર્વે કલાકારોનો આભાર માનવામાં આવ્યો હતો. ઉપસ્થિત દરેક સભ્યોએ કાર્યક્રમને મન ભરીને માણ્યો હતો.

## ચિરવિદાય

- સ્વ. સોની તારાબેન કાન્તીભાઈ, ઉ.વ. ૮૬
- સ્વ. ભગવતસિંહ ગગુજી વાઘેલા, ઉ.વ. ૭૮
- સ્વ. હંસાબેન કિર્તિસિંહ ડાભી, ઉ.વ. ૬૦
- સ્વ. દેવીબેન, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર રવાજી બાલુજી

# નિસર્ગ દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા.૧

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં વર્ષ દરમિયાન વિવિધ વિજ્ઞાનલક્ષી દિવસોની ઉજવણી તેમજ ભારતના મહાન વૈજ્ઞાનિકોની જન્મતિથીની ઉજવણી કરી તેમની સેવાઓને યાદ કરવામાં આવે છે. ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ. સી.વી. રામને કરેલી રામન કિરણોની શોધને કારણે તેમને ૨૮મી ફેબ્રુઆરીએ સર્વોચ્ચ સમ્માન નોબલ પારિતોષિક મળ્યું હતું. ત્યારથી ૨૮મી ફેબ્રુઆરી રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવાય છે. જેમાં વર્ષ ૨૦૧૯ માટે થીમ 'સાયન્સ ફોર ધ પીપલ એન્ડ પીપલ ફોર ધ સાયન્સ' રાખવામાં આવી હતી. જે અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આ



દિવસની ઉજવણીના ભાગરૂપે શેઠ એચ.એમ. હાઈસ્કુલ, સોજા, તા. કલોલ ખાતે વિદ્યાર્થીઓ માટે પોપ્યુલર લેકચર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લેકચરનો વિષય 'ફયુચર ટેકનોલોજી' રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના ઉત્સાહી વિજ્ઞાન શિક્ષક રાકેશભાઈ પ્રજાપતિએ વિદ્યાર્થીઓને ડૉ. સી.વી. રામન અને તેમણે કરેલી શોધો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

ડૉ. અનિલભાઈ પટેલે વિદ્યાર્થીઓને જુદા જુદા ક્ષેત્રોમાં ભવિષ્યમાં આવનાર ટેકનોલોજી વિશે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રસપ્રદ માહિતી આપી હતી. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા પુછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને ફયુચર ટેકનોલોજી આધારિત ફિલ્મ પણ બતાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૨૧૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

આ દિવસની ઉજવણીના ભાગરૂપે કલ્યાણજીનું પરૂ-પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ માટે 'ફન વિથ કેમેસ્ટ્રી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિસર્ગના કો ઓર્ડિનેટર હાર્દિક મકવાણા દ્વારા વિદ્યાર્થીઓને રસાયણ વિજ્ઞાનના રસપ્રદ પ્રયોગો બતાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય વિનુભાઈ પટેલ, શિક્ષકો તથા ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ ખાતે રાષ્ટ્રીયકક્ષાની સિનેપ્સ ઈન્ક સ્પર્ધા

ગાંધીનગર, તા.૧

ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (DAIICT) ખાતે આયોજિત રાષ્ટ્રીય કક્ષાની સિનેપ્સ ૨૦૧૯માં ઈન્ક સ્પર્ધા તાજેતરમાં આયોજીત થઈ હતી, જે સ્પર્ધા વિદ્યાર્થીઓને તેમના સર્જનાત્મક વિચારો અથવા વ્યવસાય યોજના પ્રદર્શન કરવા માટે આદર્શ પ્લેટફોર્મ આપે છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ભારત દેશના વિવિધ શહેરોમાંરથી વિદ્યાર્થીઓની અલગ અલગ ટીમોએ નોંધણી કરાવી હતી.

ઈન્ક સ્પર્ધા એક વ્યવસાય યોજના અથવા વિચારસરણીની હતી જેમાં વિદ્યાર્થીઓ તેમના વ્યકિતગતમાંથી છુપાયેલા ઉદ્યોગસાહસિક વલણને બહાર લાવ્યા હતા, અને ભાગ લીધેલ વિદ્યાર્થીઓને તેમના વિચારો વ્યકત કરવા અને તેમના સ્ટાર્ટઅપને વાસ્તવિકતામાં કેવી રીતે



બનાવ્યાં તેના વિશે માહિતી અપાઈ હતી. આ સ્પર્ધામાં ડો. પી. બાલા ભાસ્કરન, અદ્યાપક શ્રીમતી ઋતુ પરીખ જેવા મહાનુભાવો ન્યાયાધીશ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ સ્પર્ધામાં અંતિમ તબક્કામાં ૨૦ ટીમો પસંદગી પામી હતી અને તેમાંથી કુલ ૪ ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. આ બધા જ ૪ ઈનામો સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગરની ટીમના વિદ્યાર્થીઓને મળ્યા હતા. તેઓએ આ ઈવેન્ટના તમામ ઈનામો જીતીને યુનિવર્સિટીને ગૌરવવંતુ સ્થાન અપાવ્યું હતું. જેમાં ગેરેજકોન ટીમે પ્રથમ સ્થાન મેળવ્યું અને રૂ .૫૦,૦૦૦ /- નું ઈનામ મેળવ્યું હતા જેમાં ટીમ સભ્યો તરીકે હર્ષ પટેલ,અભિષેક પ્રજાપતિ ઉમેશ પટેલ હતા, બીજા નંબરની ટીમમાં પેપર મિકિંસગમાં પ્રજ્ઞેશ પટેલ, આકાશ દેસાઈ, મૃણાલ કુમાવત, ગાંધી દીપ ટીમ સભ્યો હતા.

ત્રીજા નંબરની ટીમમાં અભિષેક રેડ્ડી અને મૃણાલ કક્કડનો સમાવેશ હતો તેમ જ ચોથા નંબરની ટીમ સુપરચાર્જરમાં માર્મિક બગિયા, શ્રેય વ્યાસ, જય પટેલ, જય પારેખ સભ્યો વિજેતા બન્યા હતા. આ ત્રણ ટીમોને રૂ.૫૦,૦૦૦/- ની રકમનું ઈન્ક્યુબેશન સપોર્ટ એક વર્ષ માટે આપવામાં આવશે. સ્પર્ધાના અંત માં શ્રી. વિશાલભાઈ સાવલિયા એ સ્ટાર્ટઅપ ઉપર માહિતી અને માર્ગદર્શન આપીને વિદ્યાર્થીઓને શિક્ષિત અને પ્રોત્સાહિત કર્યા હતા.